| પૉલિસીનું શીર્ષક<br>મેડિકલ ફાઇનાન્શિયલ આસિસટન્સ | પૉલિસી નંબર<br>NATL.CB.307 |
|---|---|
| જવાબદાર વિભાગ<br>નેશનલ કોમ્યુનિટી હેલ્થ | અસરકારક તારીખ<br>જાન્યુઆરી 1લી, 2023 |
| દસ્તાવેજ માલિક<br>ડિરેક્ટર, મેડિકલ ફાઇનાન્શિયલ આસિસટન્સ | પૃષ્ઠ<br>1 કુલ 31 |

## 1.0 પૉલીસી નિવેદન

નબળી વસતિઓ માટે સંભાળની સુલભતામાં સુવિધા આપતા પ્રોગ્રામ્સ પ્રદાન કરવા માટે કૈસર ફાઉન્ડેશન હેલ્થ પ્લાન્સ (Kaiser Foundation Health Plans, (KFHP)) અને કૈસર ફાઉન્ડેશન હોસ્પિટલ્સ (Kaiser Foundation Hospitals (KFHP)) સમર્પિત છે. જ્યારે આપાતકાલીન અને તબીબી રીતે આવશ્યક સંભાળની સુલભતા મેળવવામાં સેવાઓ માટે ચુકવણી કરવાની ક્ષમતા અવરોધક હોય ત્યારે વીમારહિત અને ઓછો વીમો ધરાવતા લાયક ઓછી આવક ધરાવતા દર્દીઓને આર્થિક સેવા પ્રદાન કરવાનો પણ આ પ્રતિબદ્ધતામાં સમાવેશ થાય છે.

## 2.0 હેતુ

આ પૉલિસી મેડિકલ ફાઇનાન્શિયલ આસિસટન્સ (Medical Financial Assistance, (MFA)) પ્રોગ્રામ મારફત આપાતકાલિન અને તબીબી રીતે જરૂરી સેવાઓ માટે આર્થિક સહાયતા મેળવવા માટે લાયક થવા માટેની આવશ્યકતાઓનું વર્ણન કરે છે. આ આવશ્યકતાઓ યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ટર્નલ રેવન્યુ કોડની કલમ 501(r) અને લાયક સેવાઓ, સુલભતા કેવી રીતે મેળવવી, પ્રોગ્રામની લાયકાતનાં માપદંડ, MFA ફાળવણીઓનું માળખુ, ફાળવણી રકમોની ગણતરી કરવા માટેનાં આધારો અને તબીબી બિલોની બિનચુકવણીની ઘટનાઓમાં અનુમતી હોય તેવી કાર્યવાહીઓને સંબોધતા લાગું પડતા સ્ટેટનાં નિયમનો સાથે અનુપાલનમાં છે.

## 3.0 અવકાશ

**3.1** નીચેની સંસ્થાઓ અને તેની પેટા સંસ્થાઓ (સમુહિત રીતે "KFHP/H" તરીકે ઓળખાય છે) દ્વારા રોજગાર મેળવતા કર્મચારીઓને આ પૉલિસી લાગુ થાય છે:

**3.1.1** કૈસર ફાઉન્ડેશન હેલ્થ પ્લાન, ઇન્ક.

**3.1.2** Kaiser Foundation Hospitals; અને

**3.1.3** KFH/HPની પેટા સંસ્થાઓ.

**3.2** આ પૉલિસી Kaiser Foundation Hospitals અને હોસ્પિટલ-સંલગ્ન ક્લિનિક્સને લાગુ પડે છે જે *કૈસર પરમેનેન્ટ પ્રદેશો, જોડાણો 1-8 માટે એડેન્ડામાં સૂચિબદ્ધ છે.*

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

## 4.0 વ્યાખ્યાઓ

*પૂરવણી B – પારિભાષિક શબ્દકોશ* જુઓ.

## 5.0 જોગવાઇઓ

KFHP/HP એ નબળાં-તપાસ થયેલ MFA પ્રોગ્રામની જાળવણી કરે છે જેથી દર્દીની વય, ખોડખાંપણ, જાતિ, વંશ, ધાર્મિક સામેલગીરી અથવા વસાહતી સ્થિતિ, જાતીય કેન્દ્રીકરણ, રાષ્ટ્રીય મૂળ, અને દર્દી સ્વાસ્થ્ય કવચ ધરાવે છે કે કેમ તે બાબતોને ધ્યાને ન લેતા લાયક દર્દીઓ માટે ઇમરજન્સી અને તબીબી આવશ્યક સંભાળ મેળવવા માટે નાણાંકીય બંધનોને હળવાં કરી શકાય.

**5.1 MFA પૉલિસી હેઠળ લાયક અને બિનલાયક હોય તેવી સેવાઓ.**

**5.1.1 લાયક સેવાઓ.** MFA અમુક (1) કટોકટી અને તબીબી રીતે જરૂરી આરોગ્ય સંભાળ સેવાઓ પર લાગુ થઈ શકે છે; (2) ફાર્મસી સેવાઓ અને ઉત્પાદનો; અને (3) Kaiser Permanente (કૈસર પરમેનેન્ટ) (KP) સુવિધાઓ (દા.ત., હોસ્પિટલો, હોસ્પિટલ-સંલગ્ન ક્લિનિક્સ, તબીબી કેન્દ્રો અને તબીબી કચેરીની ઇમારતો), KFHP/H બહારના દર્દીઓની ફાર્મસીઓમાં અથવા KP પ્રદાતાઓ દ્વારા આપવામાં આવેલ તબીબી પુરવઠો, નીચે વર્ણવ્યા પ્રમાણે:

**5.1.1.1 તબીબી રીતે આવશ્યક સેવાઓ.** KP પ્રદાતા દ્વારા ઓર્ડર કરવામાં આવેલી અથવા પ્રદાન કરવામાં આવતી એવી સંભાળ, સારવાર, અથવા સેવાઓ જે તબીબી સ્થિતિનાં નિયંત્રણ, મૂલ્યાંકન, નિદાન અથવા સારવાર માટે આવશ્યક હોય અને દર્દી અથવા તબીબી સંભાળ પ્રદાતા માટે મુખ્યત્વે સાનુકૂળતા માટે ન હોય.

**5.1.1.2 પ્રિસ્ક્રિપ્શન્સ અને ફાર્મસી પુરવઠાઓ.** KFHP/H આઉટપેશન્ટ ફાર્મસી ખાતે રજુ કરવામાં આવેલ અને KP પ્રદાતાઓ, નોન-KP ઇમરજન્સી ડિપાર્ટમેન્ટ પ્રદાતાઓ, નોન-KP અરજન્ટ કેર પ્રદાતાઓ, અને KP કરારબદ્ધ પ્રદાતાઓ, ડૉક્ટર ઑફ મેડિસિન ઇન ડેન્ટિસ્ટ્રી (DMD) અને ડૉક્ટર ઑફ ડેન્ટલ સર્જરી (DDS) દ્વારા લખાયેલ પ્રિસ્ક્રિપ્શન્સ.

**5.1.1.2.1 જેનરીક દવાઓ.** જ્યારે પણ શક્ય હોય ત્યાં જેનરીક દવાઓનો ઉપયોગ.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.1.1.2.2** **બ્રાંડ દવાઓ.** KP પ્રદાતા દ્વારા સૂચવવામાં આવેલી બ્રાંડ નેમ દવાઓ લાયક છે જ્યારે બેમાંથી એક:

5.1.1.2.2.1 પ્રિસ્ક્રિપ્શન પર "ડિસ્પેન્સ એઝ રીટન" (DAW) નોંધાયેલ છે, અથવા

5.1.1.2.2.2 કોઈ જેનરીક સમકક્ષ ઉપલબ્ધ નથી.

**5.1.1.2.3** **ઓવર-ધ-કાઉન્ટર દવાઓ અથવા ફાર્મસી પૂરવઠા.** આ ઉત્પાદનો પાત્ર છે જ્યારે:

5.1.1.2.3.1 એક KP પ્રદાતાએ પ્રિસ્ક્રિપ્શન અથવા ઓર્ડર લખ્યો છે.

5.1.1.2.3.2 આઇટમ KP આઉટપેશન્ટ ફાર્મસીમાંથી વિતરિત કરવામાં આવે છે; અને

5.1.1.2.3.3 આઇટમ KP ફાર્મસીમાં નિયમિતપણે ઉપલબ્ધ છે.

**5.1.1.2.4** **મેડિકેર લાભાર્થીઓ.** ફાર્મસી વેઇવરના સ્વરૂપમાં મેડિકેર પાર્ટ D હેઠળ સમાવિષ્ટ પ્રિસ્ક્રીપ્શન દવાઓ માટે મેડિકેર લાભ મેળવનારાંને લાગુ.

**5.1.1.2.5** **ડેન્ટલ દવાઓ.** ડેન્ટલ સેવાઓની સારવાર માટે DMD અથવા DDS દ્વારા સૂચવવામાં આવેલી તબીબી રીતે જરૂરી બહારના દર્દીઓની દવાઓ.

**5.1.1.3** **ડ્યુરેબલ મેડિકલ ઇક્વીપમેન્ટ (DME).** DME માર્ગદર્શિકાઓ સાથેનાં અનુપાલનમાં KP પ્રદાતા દ્વારા ઓર્ડર કરવામાં આવ્યા હોય અને KFHP/H દ્વારા એવા દર્દીને પૂરા પાડવામાં આવ્યા હોય જે તબીબી રીતે આવશ્યક માપદંડો પૂર્ણ કરતા હોય. KP સુવિધાઓમાંથી નિયમિતપણે ઉપલબ્ધ વસ્તુઓ સુધી મર્યાદિત.

**5.1.1.4** **આરોગ્ય શિક્ષણ વર્ગો.** દર્દીની સારવારના ભાગ રૂપે કોઈ KP પ્રદાતા દ્વારા સૂચવવામાં આવેલ હોય તેવી KP દ્વારા નક્કી કરવામાં અને પ્રદાન કરવામાં આવેલ ઉપલબ્ધ વર્ગો સંબંધિત ફી.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.1.1.5** **અપવાદરૂપ ધોરણે ઉપલબ્ધ સેવાઓ.** અપવાદની રચના કરતી કેટલીક પરિસ્થિતિઓમાં, MFA આના પર લાગુ થઈ શકે છે: (1) કુશળ નર્સિંગ, મધ્યવર્તી સંભાળ અને બિન-KP સુવિધા પર પૂરી પાડવામાં આવતી કસ્ટોડિયલ સેવાઓ; અને (2) KP પ્રદાતા દ્વારા નિર્ધારિત અથવા ઓર્ડર કરેલ DME અને નીચે વર્ણવ્યા મુજબ કરાર કરેલ/વિક્રેતા દ્વારા સપ્લાય કરેલ. અપવાદ માટે લાયક થવા, દર્દીએ નીચે સેક્શન 5.6.2 માં વર્ણવેલા ઉચ્ચ તબીબી ખર્ચનાં માપદંડને પૂર્ણ કરવાની આવશ્યકતા છે.

**5.1.1.5.1** **કુશળ નર્સિંગ સેવાઓ, મધ્યવર્તી સંભાળ અને કસ્ટોડિયલ સેવાઓ.** હોસ્પિટલમાંથી ઇનપેશન્ટ ડિસ્ચાર્જની સુવિધા આપવા દર્દીને કરારબદ્ધ KP સુવિધા દ્વારા પ્રદાન કરવામાં આવેલી પ્રીસ્ક્રાઇબ કરેલી તબીબી જરૂરીયાતો.

**5.1.1.5.2** **ડ્યુરેબલ મેડિકલ ઇક્વીપમેન્ટ (DME).** DME માર્ગદર્શિકાઓ સાથે અનુપાલનમાં હોય અને KFHP/H DME ડિપાર્ટમેન્ટ મારફત કરારબદ્ધ વેન્ડર દ્વારા પૂરા પાડવામાં આવતા હોય તેવા KP પ્રદાતા દ્વારા ઓર્ડર કરવામાં આવેલા વેન્ડર દ્વારા પૂરા પાડવાનાં DME.

**5.1.2** **બિન-લાયક સેવાઓ.** MFA આને લાગુ ન પણ થાય:

**5.1.2.1** **KP પ્રદાતા દ્વારા નક્કી કરવામાં આવ્યા અનુસાર તાત્કાલિક અથવા તબીબી રીતે આવશ્યક ન ગણવામાં આવી હોય તેવી સેવાઓ.** નીચે આપેલ સેવાઓના ઉદાહરણોની બિન-સંપૂર્ણ સૂચિ છે જે બિન-તાત્કાલિક છે અથવા તબીબી રીતે જરૂરી નથી:

**5.1.2.1.1** મુખ્યત્વે દર્દીનો દેખાવ સુધારવાનાં હેતુ માટે હોય તેવી ડર્મેટોલોજી સેવાઓ સહિત, કોસ્મેટિક સર્જરી અથવા સેવાઓ.

**5.1.2.1.2** વંધ્યત્વ સારવાર અને ડાયગ્નોસ્ટિક્સ સહિત સંબંધિત સેવાઓ.

**5.1.2.1.3** છૂટક તબીબી પુરવઠો.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.1.2.1.4** એક્યુપંક્ચર, ચિરોપ્રેક્ટિક અને મસાજ સેવાઓ સહિત વૈકલ્પિક ઉપચાર.

**5.1.2.1.5** જાતીય તકલીફની સારવાર માટે ઇન્જેક્શન અને ઉપકરણો.

**5.1.2.1.6** સરોગસી સેવાઓ.

**5.1.2.1.7** તૃતીય પક્ષ, વ્યક્તિગત વીમા સુરક્ષાની જવાબદારી અથવા કામદારોના વળતરના કિસ્સાઓ સંબંધિત સેવાઓ.

**5.1.2.1.8** **નોન-KP આરોગ્ય વીમા સાથેનાં દર્દીઓ માટેની સેવાઓ.** દર્દીનાં નોન-KP આરોગ્ય કવરેજ હેઠળ આવરતી હોય તેવી બિન-આપાત્તકાલિન અથવા બિન-તાત્કાલિક સેવાઓ અને આઉટપેશન્ટ ફાર્મસી પુરવઠા જેનાં માટે દર્દીને પસંદગીનાં નોન-KP પ્રદાતાઓ અને ફાર્મસીઓનાં ચોક્કસ નેટવર્કનો ઉપયોગ કરવાની આવશ્યકતા હોય.

**5.1.2.2** **પ્રિસ્ક્રિપ્શન્સ અને ફાર્મસી પુરવઠાઓ.** પ્રિસ્ક્રિપ્શનો અને પુરવઠો તાત્કાલિક અથવા તબીબી રીતે જરૂરી ન ગણાય તેમાં સમાવેશ થાય છે, પરંતુ આના સુધી મર્યાદિત નથી:

**5.1.2.2.1** દવાઓ કે જેને ફાર્મસી અને થેરાપ્યુટિક્સ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી નથી.

**5.1.2.2.2** ઓવર-ધ-કાઉન્ટર દવાઓ અને પુરવઠો KP પ્રદાતા દ્વારા સૂચવવામાં અથવા ઓર્ડર કરવામાં આવ્યો નથી.

**5.1.2.2.3** ઓવર-ધ-કાઉન્ટર દવાઓ અને પુરવઠો જે KP ફાર્મસીમાં નિયમિતપણે ઉપલબ્ધ નથી અને ખાસ મંગાવવો આવશ્યક છે.

**5.1.2.2.4** તૃતીય પક્ષની જવાબદારી, વ્યક્તિગત વીમા સુરક્ષા અથવા કામદારોના વળતરના કેસોને લગતી પ્રિસ્ક્રિપ્શનો.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.1.2.2.5** ખાસ કરીને બાકાત દવાઓ (દા.ત., પ્રજનનક્ષમતા, કોસ્મેટિક, જાતીય તકલીફ).

**5.1.2.3** **લો ઇનકમ સબસીડી (Low Income Subsidy, (LIS)) પ્રોગ્રામ માટે લાયક અથવા પ્રવેશ મેળવેલ મેડિકેર પાર્ટ D માં નોંધાયેલ લોકો માટે માટે પ્રિસ્ક્રિપ્શન્સ.** સેન્ટર્સ ફોર મેડિકેર એન્ડ મેડિકેઇડ સર્વિસીસ (CMS) માર્ગદર્શનો સાથે સુસંગત, મેડિકેર પાર્ટ D નોંધાયેલ હોય જેઓ લાયક હોય અથવા LIS પ્રોગ્રામમાં નોંધાયેલ હોય તેવા માટે પ્રિસ્ક્રીપ્શન દવાઓ માટે બાકી રહેતા ખર્ચ વહેંચણી.

**5.1.2.4** **KP સુવિધાઓ બહાર પુરી પાડવામાં આવતી સેવાઓ.** MFA પૉલિસી ફક્ત KP સુવિધાઓ પર અથવા KP પ્રદાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને લાગુ પડે છે. KP પ્રદાતા તરફથી ભલામણ હોય તો પણ, MFA માટે તમામ અન્ય સેવાઓ ગેરલાયક છે. નોન-KP મેડિકલ ઓફિસીસ, અરજન્ટ કેર ફેસીલીટીસ અને ઇમરજન્સી ડિપાર્ટમેન્ટ ખાતે પૂરી પાડવામાં આવતી સેવાઓ, તથા નોન-KP હોમ હેલ્થ, હોસ્પાઇસ, રેક્યુપરેટિવ કેર, અને કસ્ટોડિયલ કેર સર્વિસીસ બાકાત છે, ઉપરનાં સેક્શન 5.1.1.5 નાં અનુપાલનમાં અપવાદ તરીકે ઓળખ કરાયેલી ન હોય ત્યાં સુધી.

**5.1.2.5** **ડ્યુરેબલ મેડિકલ ઇક્વીપમેન્ટ (Durable Medical Equipment, (DME).)** ઉપરોક્ત કલમ 5.1.1.5 અનુસાર અપવાદ તરીકે ઓળખવામાં આવે તો, કોન્ટ્રાક્ટેડ વિક્રેતા દ્વારા પૂરા પાડવામાં આવેલ DMEને KP પ્રદાતા દ્વારા ઓર્ડર કરવામાં આવ્યો હોય કે કેમ તે ધ્યાનમાં લીધા વિના બાકાત રાખવામાં આવે છે.

**5.1.2.6** **પરિવહન સેવાઓ અને મુસાફરી ખર્ચ.** MFA પ્રોગ્રામ દર્દીઓને તાત્કાલિક અથવા બિન-આપાતકાલીન પરિવહન અથવા મુસાફરી સંબંધિત ખર્ચાઓ (એટલે કે, રહેવા અને ભોજન) માટે ચુકવણી કરવામાં મદદ કરતું નથી.

**5.1.2.7** **હેલ્થ પ્લાન પ્રિમિયમ્સ.** MFA પ્રોગ્રામ આરોગ્ય સંભાળના કવરેજ (દા.ત. દેવું અથવા પ્રિમીયમ) સાથે સંકળાયેલા ખર્ચની ચુકવણી કરવામાં મદદ કરતું નથી.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.1.3** પ્રદેશ-વિશિષ્ટ પાત્ર અને બિન-પાત્ર સેવાઓ અને ઉત્પાદનો સંબંધિત વધારાની માહિતી સંબંધિત પરિશિષ્ટમાં સ્થિત છે. જુઓ *કૈસર પરમેનેન્ટ પ્રદેશો માટેની પુરવણી, જોડાણો 1-8.*

**5.2** **પુરસ્કર્તા.** MFA માત્ર તબીબી સંભાળ પ્રદાતાઓ દ્વારા વિતરિત કરવામાં આવતી યોગ્ય સેવાઓ પર લાગુ થાય છે જેમને MFA પૉલિસી લાગુ પડે છે. જુઓ *કૈસર પરમેનેન્ટ પ્રદેશો માટેની પુરવણી, જોડાણો 1-8.*

**5.2.1** **પ્રોગ્રામ માહિતી સ્રોતો અને MFA માટે કેવી રીતે અરજી કરવી.** MFA પ્રોગ્રામ વિશે વધારાની માહિતી અને અરજી કેવી રીતે કરવી તેનો સારાંશ સંબંધિત પરિશિષ્ટમાં આપવામાં આવ્યો છે. જુઓ *કૈસર પરમેનેન્ટ પ્રદેશો માટેની પુરવણી, જોડાણો 1-8.*

**5.2.2** **પ્રોગ્રામ વિશેની માહિતીના સ્રોતો.** MFA પૉલિસીની નકલો, અરજી માટેના ફોર્મ, સૂચનાઓ અને સાદી ભાષામાં સારાંશો (દા.ત., પૉલિસીના સારાંશો અથવા પ્રોગ્રામના બ્રોશર) લોકોને KFHP/H ની વેબસાઇટથી, ઇમેઇલ દ્વારા, વ્યક્તિગત રૂપે અથવા યુ.એસ. ટપાલ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**5.2.3** **MFA માટે અરજી કરવી.** MFA પ્રોગ્રામ માટે અરજી કરવા માટે, દર્દીએ KP સેવાઓ માટે બાકી બેલેન્સ માટે બિલ, KP સાથેની નિર્ધારિત એપોઇન્ટમેન્ટ અથવા ઉપર વર્ણવ્યા અનુસાર લાયક સેવાઓ માટે KP પ્રદાતા દ્વારા ઓર્ડર કરવામાં આવતા ફાર્મસી પ્રીસ્ક્રિપ્શન દ્વારા ઉભી થતી તાત્કાલિક જરૂરીયાતનું નિરૂપણ કરવાની આવશ્યકતા છે. દર્દી ઓનલાઇન, રૂબરૂમાં, ટેલીફોનથી અથવા કાગળ પર અરજી સહિતની ઘણી રીતોથી MFA પ્રોગ્રામ માટે અરજી કરી શકે છે.

**5.2.3.1** **KP MFA પ્રોગ્રામ.** દર્દીઓએ KP સેવા ક્ષેત્રમાં MFA પ્રોગ્રામ માટે અરજી કરવી જરૂરી છે કે તેઓ KP તરફથી સેવાઓ મેળવી રહ્યાં છે.

**5.2.3.2** **પબ્લીક અને પ્રાઇવેટ પ્રોગ્રામ લાયકાત માટે દર્દીઓની તપાસ.** KFHP/H તમામ વ્યક્તિઓને એકંદર વ્યક્તિગત આરોગ્ય માટે આરોગ્યસંભાળ સંબંધી સેવાઓ સુલભ કરવાનું સુનિશ્ચિત કરવા અને દર્દીની સંપત્તિઓનાં રક્ષણ માટે આરોગ્ય વીમા કવરેજ મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. KFHP/H વીમા વિનાના દર્દીઓ અથવા તેમના બાંયધરી આપનારાઓને Medicaid અને હેલ્થ બેનિફિટ એક્સચેન્જ પર ઉપલબ્ધ કવરેજ સહિત ઉપલબ્ધ સહાય પ્રોગ્રામ્સને ઓળખવામાં અને

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

| પૉલિસીનું શીર્ષક<br>**મેડિકલ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ** | પૉલિસી નંબર<br>**NATL.CB.307** |
| --- | --- |
| જવાબદાર વિભાગ<br>**નેશનલ કોમ્યુનિટી હેલ્થ** | અસરકારક તારીખ<br>**જાન્યુઆરી 1લી, 2023** |
| દસ્તાવેજ માલિક<br>**ડિરેક્ટર, મેડિકલ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ** | પૃષ્ઠ<br>**8 કુલ 31** |

અરજી કરવામાં મદદ કરશે. જે દર્દીને Medicaid અથવા હેલ્થ બેનિફિટ એક્સચેન્જ પર ઉપલબ્ધ કવરેજ માટે લાયક માનવામાં આવે છે તેણે તે પ્રોગ્રામ્સ માટે અરજી કરવાની જરૂર પડી શકે છે. નાણાંકીય સ્થિતિ ધરાવતા દર્દીઓ કે જે Medicaid આવક પાત્રતા માપદંડોને ઓળંગે છે તેઓએ Medicaid માટે અરજી કરવાની જરૂર રહેશે નહીં.

**5.3** **MFA માટે અરજી કરવા માટે આવશ્યક માહિતી.** MFA પ્રોગ્રામ માટે પાત્રતા તેમજ Medicaid માટેની પાત્રતા અને હેલ્થ બેનિફિટ એક્સચેન્જ પર ઉપલબ્ધ સબસિડીવાળા કવરેજ નક્કી કરવા દર્દીની નાણાંકીય સ્થિતિ ચકાસવા માટે સંપૂર્ણ વ્યક્તિગત, નાણાંકીય અને અન્ય માહિતી જરૂરી છે. સહાય માટે અરજી કરે ત્યારે દરેક સમયે દર્દીની નાણાંકીય સ્થિતિની ખરાઇ કરવામાં આવે છે.

**5.3.1** **નાણાંકીય માહિતી પૂરી પાડવી.** દર્દીઓએ તેમની MFA અરજી સાથે ઘરના કદ અને ઘરની આવકની માહિતીનો સમાવેશ કરવો જરૂરી છે, જો કે, KP દ્વારા ખાસ વિનંતી ન કરવામાં આવે તો, નાણાંકીય સ્થિતિની ચકાસણીને મંજૂરી આપવા માટે નાણાંકીય દસ્તાવેજો સબમિટ કરવું વૈકલ્પિક છે.

**5.3.1.1** **નાણાંકીય દસ્તાવેજો વિના નાણાંકીય સ્થિતિની ચકાસણી કરવી.** જો MFA એપ્લિકેશન સાથે નાણાંકીય દસ્તાવેજીકરણ શામેલ ન હોય, તો દર્દીની નાણાંકીય સ્થિતિ બાહ્ય ડેટા સ્રોતોનો ઉપયોગ કરીને ચકાસવામાં આવશે. જો દર્દીની નાણાંકીય સ્થિતિ બાહ્ય ડેટા સ્રોતોનો ઉપયોગ કરીને ચકાસી શકાતી નથી, તો દર્દીને તેમની નાણાંકીય સ્થિતિની ચકાસણીની મંજૂરી આપવા માટે MFA પ્રોગ્રામ એપ્લિકેશનમાં વર્ણવેલ નાણાંકીય દસ્તાવેજો સબમિટ કરવાનું કહેવામાં આવી શકે છે.

**5.3.1.2** **નાણાંકીય દસ્તાવેજો સાથે નાણાંકીય સ્થિતિની ચકાસણી કરવી.** જો MFA એપ્લિકેશન સાથે નાણાંકીય દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવ્યો હોય, તો પાત્રતા પૂરી પાડવામાં આવેલ માહિતી પર આધારિત હશે.

**5.3.2** **સંપૂર્ણ માહિતી પૂરી પાડવી.** વિનંતી કરવામાં આવેલી તમામ વ્યક્તિગત, નાણાંકીય, અને અન્ય માહિતી એક વખત પ્રાપ્ત થઇ જાય ત્યારબાદ MFA પ્રોગ્રામની લાયકાત નક્કી કરવામાં આવે છે.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.3.3** **અપૂર્ણ માહિતી.** પ્રાપ્ત કરવામાં આવેલ આવશ્યક માહિતી જો અધુરી પ્રાપ્ત થયેલ હોય તો વ્યક્તિગત રીતે, મેઇલ દ્વારા, અથવા ટેલીફોન દ્વારા દર્દીને જાણ કરવામાં આવશે. દર્દી ખૂટતી માહિતી ક્યાંથી 30 દિવસની અંદર સબમિટ કરી શકે છે: નોટિસ મોકલવામાં આવી હતી તે તારીખ, વ્યક્તિગત વાતચીત થઈ હતી અથવા ટેલિફોન વાતચીત થઈ હતી. અધૂરી માહિતીના કારણે MFA નો ઇન્કાર કરવામાં આવી શકે છે.

**5.3.4** **વિનંતી કરવામાં આવેલ માહિતી ઉપલબ્ધ ન હોય.** પ્રોગ્રામ એપ્લીકેશનમાં માંગવામાં આવેલ માહિતી જો દર્દી ધરાવતા ન હોય તો તેઓ KFHP/H નો સંપર્ક કરી શકશે જેથી લાયકાત દર્શાવી શકે તેવા અન્ય ઉપલબ્ધ દસ્તાવેજો વિશે ચર્ચા કરી શકાય.

**5.3.5** **કોઇ નાણાંકીય માહિતી ઉપલબ્ધ ન હોય.** દર્દીએ ઓછામાં ઓછી મૂળભૂત નાણાંકીય માહિતી (એટલે કે આવક, જો કોઈ હોય તો અને સ્રોત) પૂરી પાડવી જરૂરી છે અને તેની માન્યતાને પ્રમાણિત કરે છે જ્યારે: (1) બાહ્ય ડેટા સ્રોતોનો ઉપયોગ કરીને તેમની નાણાંકીય સ્થિતિ ચકાસી શકાતી નથી; (2) વિનંતી કરેલ નાણાંકીય માહિતી ઉપલબ્ધ નથી; અને (3) અન્ય કોઈ દસ્તાવેજો અસ્તિત્વમાં નથી જે યોગ્યતા દર્શાવી શકે. જો નીચેનામાંથી કોઈ લાગુ પડતું હોય તો દર્દી પાસેથી મૂળભૂત નાણાંકીય માહિતી અને પ્રમાણીકરણ જરૂરી છે:

**5.3.5.1** દર્દી બેઘર છે અથવા બેઘર ક્લિનિકમાંથી સંભાળ મેળવનાર છે.

**5.3.5.2** દર્દીની કોઈ આવક નથી, તેઓ તેમના એમ્પ્લોયર પાસેથી ઔપચારિક પગાર સ્ટબ મેળવતા નથી (જેઓ સ્વ-રોજગાર છે તે સિવાય), નાણાંકીય ભેટો મેળવે છે, અથવા અગાઉના કરવેરા વર્ષમાં ફેડરલ અથવા રાજ્ય આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની જરૂર ન હતી.

**5.3.5.3** દર્દી જાણીતી રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક આપત્તિ અથવા જાહેર આરોગ્ય કટોકટીથી પ્રભાવિત થયો છે (નીચે વિભાગ 5.11 નો સંદર્ભ લો).

**5.3.6** **દર્દી સહકાર.** તમામ વિનંતી કરવામાં આવેલ માહિતી પૂરી પાડવા માટે દર્દીએ વાજબી પ્રયાસ કરવાની આવશ્યકતા છે. જો વિનંતી કરેલી બધી માહિતી પૂરી પાડવામાં ન આવે, તો પાત્રતા નક્કી કરતી વખતે સંજોગો ધ્યાનમાં લેવામાં આવી શકે છે.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.4** **સંભવિત લાયકાત નિર્ધારણ.** દર્દી પાસે બાકી બેલેન્સ હોય, KP આઉટરીચ પ્રયાસોનો પ્રતિસાદ ન આપ્યો હોય અને અરજી કરી ન હોય તેવી પરિસ્થિતિમાં પૂર્ણ કરેલ અરજીની ગેરહાજરીમાં નાણાંકીય સહાય મંજૂર થઈ શકે છે પરંતુ અન્ય ઉપલબ્ધ માહિતી નાણાંકીય મુશ્કેલીને સમર્થન આપે છે. જો પાત્ર હોવાનું નક્કી કરવામાં આવે, તો દર્દીએ નાણાંકીય સ્થિતિ ચકાસવા માટે વ્યક્તિગત, નાણાંકીય અથવા અન્ય માહિતી પૂરી પાડવાની જરૂર નથી અને તેને આપમેળે MFA એવોર્ડ સોંપવામાં આવશે. અનુમાનિત પાત્રતાના નિર્ધારણ માટેનું કારણ અને સહાયક માહિતી દર્દીના ખાતામાં દસ્તાવેજીકૃત કરવામાં આવશે અને વધારાની દર્દી નોંધો શામેલ કરી શકાય છે. દર્દીને પાત્ર હોવાનું માનવામાં આવે છે અને જો દર્દી પૂર્વ લાયકાત ધરાવતા હોય અથવા નાણાંકીય મુશ્કેલીના સંકેતો હોય તો દસ્તાવેજની જરૂરિયાતો માફ કરવામાં આવે છે.

**5.4.1** **પૂર્વલાયક.** એવી પરિસ્થિતિઓ જ્યાં એવા પુરાવા છે કે દર્દી નોંધાયેલ છે અથવા નીચે નોંધેલ જાહેર અને ખાનગી સહાયતા પ્રોગ્રામ્સ માટે સંભવિત રૂપે લાયક બનવા માટે નાણાંકીય તપાસ પ્રક્રિયા દ્વારા નિર્ધારિત કરવામાં આવે છે તે MFA પ્રોગ્રામ માટે લાયક (એટલે કે, પૂર્વ-લાયકાત) માનવામાં આવે છે. જો દર્દી નીચેનામાંથી કોઈપણ માપદંડને પૂર્ણ કરે તો દર્દીને પૂર્વ-લાયક ગણવામાં આવે છે:

**5.4.1.1** કોમ્યુનિટી મેડિકલ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ (Medical Financial Assistance, (MFA) (CMFA) પ્રોગ્રામમાં નોંધાયેલ હોય જેમાં દર્દીને મોકલવામાં આવ્યાં હોય અને આ રીતે પૂર્વલાયક થયા હોય (1) ફેડરલ, સ્ટેટ અથવા લોકલ ગવર્મેન્ટ, (2) ભાગીદાર કોમ્યુનિટી-સ્થિત સંસ્થા, અથવા (3) KFHP/H પ્રાયોજિત કોમ્યુનિટી હેલ્થ પ્રોગ્રામ ખાતે.

**5.4.1.2** લો-ઇન્કમ ધરાવતા દર્દીઓ માટે સંભાળનો સહાય ઉપયોગ કરવા માટે તૈયાર કરવામાં આવેલ KP કોમ્યુનિટી બેનિફિટ પ્રોગ્રામમાં નોંધાયેલ હોય અથવા નિયુક્ત KFHP/H વ્યક્તિ દ્વારા પૂર્વલાયક થયેલ હોય.

**5.4.1.3** વિશ્વસનીય આજીવિકાના સાધનની તપાસ સ્વાસ્થ્ય કવરેજ પ્રોગ્રામ (દા.ત., મેડિકેડ, મેડિકેર લો ઇન્કમ સબસિડી પ્રોગ્રામ) માં નોંધાયેલ છે અથવા તેને પાત્ર હોવાનું માનવામાં આવે છે.

**5.4.1.4** વિશ્વસનીય આજીવિકાના સાધનની તપાસ જાહેર સહાયતા પ્રોગ્રામમાં નોંધાયેલ છે (દા.ત., મહિલા, શિશુ અને બાળકોના પ્રોગ્રામ્સ, પૂરક પોષણ અને સહાયતા પ્રોગ્રામ્સ).

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

| પૉલિસીનું શીર્ષક<br>**મેડિકલ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ** | પૉલિસી નંબર<br>**NATL.CB.307** |
|---|---|
| જવાબદાર વિભાગ<br>**નેશનલ કોમ્યુનિટી હેલ્થ** | અસરકારક તારીખ<br>**જાન્યુઆરી 1લી, 2023** |
| દસ્તાવેજ માલિક<br>**ડિરેક્ટર, મેડિકલ ફાઇનાન્શિયલ આસિસ્ટન્સ** | પૃષ્ઠ<br>**11 કુલ 31** |

**5.4.1.5** ઓછી આવકવાળા અથવા સબસિડીવાળા આવાસમાં રહે છે.

**5.4.1.6** છેલ્લાં 30 દિવસમાં શરૂ થયેલ MFA ફાળવણી પહેલાં મંજૂર થયા હોય.

**5.4.2** **નાણાંકીય મુશ્કેલીના સંકેતો.** જે દર્દીને KP સુવિધામાં સંભાળ મળી છે અને જેમના માટે નાણાંકીય મુશ્કેલીના સંકેતો છે (દા.ત., ભૂતકાળની બાકી બેલેન્સ અથવા ચુકવણી કરવામાં અસમર્થતા) તે KP અને દેવું વસૂલાત એજન્સીઓ દ્વારા બાહ્ય ડેટા સ્ત્રોતોનો ઉપયોગ કરીને પ્રોગ્રામની પાત્રતા અને નાણાંકીય મુશ્કેલી માટે તપાસવામાં આવી શકે છે. . જો લાયક હોય, તો દર્દી માત્ર લાયક બાકી રકમો માટે જ MFA ફાળવણી મેળવશે.

**5.4.2.1** **KP દ્વારા પાત્રતા નિર્ધારણ.** KP દર્દીઓને તેમની બાકી બેલેન્સ દેવું કલેક્શન એજન્સી પાસે મૂકવામાં આવે તે પહેલાં પ્રોગ્રામ પાત્રતા માટે તપાસ કરી શકે છે.

**5.4.2.1.1** **બાકી સેલ્ફ-પે બેલેન્સિસ.** KP વિભાગ *5.6 પ્રોગ્રામ પાત્રતા માપદંડ*માં વર્ણવ્યા મુજબ માધ્યમ-પરીક્ષણ માપદંડોના આધારે પ્રોગ્રામ પાત્રતા માટે ડેટ કલેક્શન એજન્સી સાથે પ્લેસમેન્ટ માટે ઓળખાયેલા દર્દીઓની તપાસ કરશે.

**5.4.2.1.2** **નાણાંકીય મુશ્કેલીના સંકેતો.** બાકી બેલેન્સ ધરાવતા કેટલાક દર્દીઓ માટેની નાણાંકીય માહિતી યોગ્યતા નક્કી કરવા માટે ઉપલબ્ધ ન હોઈ શકે, પરંતુ KP ને જાણ કરાયેલી નાણાંકીય મુશ્કેલીઓના અન્ય સંકેતો ઓછી આવકના નિર્ધારણ તરફ દોરી શકે છે. પાત્ર બાકી બેલેન્સ MFA પ્રોગ્રામ પર લાગુ કરવામાં આવશે અને વધુ વસૂલાત ક્રિયાઓને આધીન રહેશે નહીં. નાણાંકીય મુશ્કેલીના સંકેતોમાં શામેલ હોઈ શકે છે, પરંતુ તે આના સુધી મર્યાદિત નથી:

5.4.2.1.2.1 દર્દી સ્પોન્સરશિપ, સામાજિક સુરક્ષા નંબર, ટેક્સ રેકોર્ડ્સ અથવા માન્ય બિલિંગ સરનામાં વિના નોન-યુ.એસ.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

નાગરિક છે; c સાથે તેમના ખાતા વિશે વાતચીત કરી નથી; અને વાજબી એકત્રીકરણ પ્રયાસો દર્શાવે છે કે દર્દી પાસે તેમના મૂળ દેશમાં નાણાંકીય અથવા સંપત્તિ સંસાધનો નથી.

5.4.2.1.2.2 દર્દી પાસે અગાઉ પૂરી પાડવામાં આવેલ KP સેવાઓ માટે બાકી બેલેન્સ છે અને ત્યારથી તે લાંબા સમય સુધી જેલમાં કેદ છે; પરિણીત નથી; આવકના કોઈ સંકેતો નથી; અને KP દર્દીનો સંપર્ક કરવામાં અસમર્થ છે.

5.4.2.1.2.3 દર્દીનું મૃત્યુ કોઈ મિલકત/સંપત્તિ અથવા દેવા માટે જવાબદાર કોઈ સંબંધીનો રેકોર્ડ ન હોય.

5.4.2.1.2.4 દર્દીનું મૃત્યુ થયું છે, અને પ્રોબેટ અથવા એસ્ટેટ નાદારી દર્શાવે છે.

**5.4.2.2** **ડેબ્ટ કલેક્શન એજન્સી દ્વારા પાત્રતા નિર્ધારણ.** ડેબ્ટ કલેક્શન એજન્સી પાસે બાકી રહેલ બેલેન્સ નિયમિતપણે પ્રોગ્રામની પાત્રતા અને નાણાંકીય મુશ્કેલીઓ માટે તપાસવામાં આવશે.

**5.4.2.2.1** **નાણાંકીય મુશ્કેલીના સંકેતો.** ડેબ્ટ કલેક્શન એજન્સીઓ અન્ય નાણાંકીય માહિતી (દા.ત., ભૂતકાળની નાદારી, નોન-કેપી દેવું, ક્રેડિટ ઇતિહાસ, ચુકવણી કરવાની વૃત્તિ વગેરે) અને સામાજિક-આર્થિક બાબતો (દા.ત., ઘરની માલિકી) નો ઉપયોગ કરીને દર્દીના ખાતાઓની સ્વતંત્ર સમીક્ષા કરશે જે નાણાંકીય મુશ્કેલીના નિર્ધારણ તરફ જઇ શકે. જો લાયક હોય, તો દર્દી માત્ર લાયક બાકી રકમો માટે જ MFA ફાળવણી મેળવશે. પાત્ર બાકી બેલેન્સ KP ને પરત કરવામાં આવશે, MFA પ્રોગ્રામ પર

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

લાગુ કરવામાં આવશે અને વધુ વસૂલાત ક્રિયાઓને આધીન રહેશે નહીં.

**5.5** **પ્રોગ્રામ લાયકાત માપદંડ.** પ્રદેશ-વિશિષ્ટ પરિશિષ્ટના વિભાગ V માં સારાંશ આપ્યા મુજબ, MFA માટે અરજી કરનાર દર્દી માધ્યમ-પરીક્ષણ અથવા ઉચ્ચ તબીબી ખર્ચના માપદંડના આધારે નાણાંકીય સહાય માટે લાયક ઠરી શકે છે. જુઓ *કૈસર પરમેનેન્ટ પ્રદેશો માટેની પુરવણી, જોડાણો 1-8.*

**5.5.1** **આજીવિકાના સાધનની તપાસનો માપદંડ.** દર્દી આજીવિકાના સાધનની તપાસની લાયકાતનો માપદંડ પૂર્ણ કરે તો નિર્ણય કરવા માટે દર્દીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**5.5.1.1** **આવકના સ્તર અનુસાર પાત્રતા.** ફેડરલ પોવર્ટી ગાઇડલાઇન્સ (Federal Poverty Guidelines, (FPG))ની ટકાવારી તરીકે KFHP/H ના નબળાં પરીક્ષણ માપદંડ માટે દર્દી ઓછી અથવા સમાન એકંદર ઘરેલુ આવક ધરાવતા દર્દી નાણાંકીય સહાય માટે લાયક છે. સાધન-પરીક્ષણમાં સંપત્તિને ધ્યાનમાં લેવામાં આવતી નથી.

**5.5.1.2** **ઘરેલુ આવક.** ઘરના પરીવારનાં સભ્યો માટે લાગુ આવકની આવશ્યકતાઓ. ઘર અર્થાત એકલ વ્યક્તિ અથવા જન્મ, લગ્ન, અથવા દત્તક લેવા સંબંધિત જેઓ સાથે રહેતા હોય તેવા બે અથવા વધારે વ્યક્તિઓનો સમૂહ છે. ઘરના સભ્યોમાં જીવનસાથી, લાયક સ્થાનિક ભાગીદારો, બાળકો, સંભાળ રાખનાર સંબંધીઓ, સંભાળ રાખનાર સંબંધીઓના બાળકો અને અન્ય વ્યક્તિઓનો સમાવેશ થઈ શકે છે કે જેમના માટે એકલ વ્યક્તિ, પત્ની, ઘરેલું ભાગીદાર અથવા માતાપિતા આર્થિક રીતે જવાબદાર છે જેઓ પરિવારમાં રહે છે.

**5.5.2** **ઉંચા તબીબી ખર્ચનો માપદંડ.** દર્દી ઉચ્ચ તબીબી ખર્ચ પાત્રતા માપદંડોને પૂર્ણ કરે છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે દર્દીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

**5.5.2.1** **ઉંચા તબીબી ખર્ચા આધારિત લાયકાત.** વાર્ષિક ઘરગથ્થુ આવકના 10% કરતાં વધારે અથવા તેની બરાબર અરજી કર્યા પહેલાના 12-મહિનાના સમયગાળામાં પાત્ર સેવાઓ માટે ખિસ્સા બહારના તબીબી

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

અને ફાર્મસી ખર્ચ સાથે કોઈપણ કુલ ઘરગથ્થુ આવક સ્તરનો દર્દી નાણાંકીય સહાય માટે પાત્ર છે.

**5.5.2.1.1** **KFHP/H પોતાના પૈસે કરેલા ખર્ચા.** KP ફેસેલીટી ખાતે થયેલ કોપેમેન્ટ, ડિપોઝીટ, કોઇન્શ્યોરન્સ, અને લાયક સેવાઓ માટે સંલગ્ન કપાતો સહિત થયેલ તબીબી અને દવા ખર્ચ.

**5.5.2.1.2** **નોન-KFHP/H પોતાના પૈસે કરેલા ખર્ચા.** નોન-KP ફેસેલીટી ખાતે પૂરાં પાડવામાં આવેલ તબીબી, દવા અને ડેન્ટલ ખર્ચા ,જે લાયક તબીબી આવશ્યક સેવા સંલગ્ન હોય, અને દર્દી (કોઇ ડિસ્કાઉન્ટ્સ અથવા જતા કરેલ હોય તે બાદ કરતા) દ્વારા કરવામાં આવેલ હોય તેનો સમાવેશ થાય છે. નોન-KP સુવિધામાંથી સેવા પ્રાપ્ત કરી હોય તે માટે તબીબી ખર્ચાનું દસ્તાવેજીકરણ દર્દીએ પૂરું પાડવાનું રહેશે.

5.5.2.1.2.1 જો નોન-KFHP/H પ્રદાતા જ્યાં ચાર્જ વસૂલવામાં આવે છે તે ફાયનાન્સિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ ઓફર કરે છે જેના માટે દર્દી પાત્ર હોઈ શકે છે, ચાર્જને પાત્ર તબીબી ખર્ચ ગણવામાં આવે તે પહેલાં દર્દીઓએ અરજી કરવી આવશ્યક છે.

**5.5.2.1.3** **હેલ્થ પ્લાન પ્રિમિયમ્સ.** દર્દીએ પોતે કરેલા ખર્ચાને આરોગ્ય સારવારના કવરેજથી સંબંધિત ખર્ચમાં જોડવામાં આવતા નથી (દા.ત., ચૂકવવાને પાત્ર રખમ અથવા પ્રીમિયમ).

**5.6 અસ્વીકૃતિઓ અને અપીલો**

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.6.1** **અસ્વીકૃતિઓ.** એક દર્દી જે MFA પ્રોગ્રામ માટે અરજી કરે છે અને પાત્રતાના માપદંડોને પૂર્ણ કરતા નથી તેમને લેખિતમાં જાણ કરવામાં આવે છે કે MFA માટેની તેમની વિનંતી નકારવામાં આવી છે.

**5.6.2** **MFA અસ્વીકૃતિને કેવી રીતે અપીલ કરવી.** જે દર્દીઓને MFA નકારવામાં આવ્યા છે અથવા મંજૂર કરવામાં આવ્યા છે અને તેઓ માને છે કે તેઓ ઉચ્ચ MFA પુરસ્કાર માટે લાયક છે તેઓ નિર્ણયની અપીલ કરી શકે છે. દર્દીઓને અપીલ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જો તેઓએ (1) અગાઉ નાણાંકીય દસ્તાવેજો સબમિટ કર્યા ન હોય અથવા (2) તેમની ઘરની આવક બદલાઈ ગઈ હોય. અપીલ પ્રક્રિયા પૂર્ણ કરવા માટેની સૂચનાઓ MFA નામંજૂર અને મંજૂરી પત્રો તેમજ MFA વેબસાઇટમાં શામેલ છે. નિયુક્ત KFHP/H સ્ટાફ દ્વારા અપીલોની સમીક્ષા કરવામાં આવે છે. દર્દીઓને તેમની અપીલના પરિણામની લેખિતમાં જાણ કરવામાં આવે છે. અપીલના તમામ નિર્ણયો અંતિમ છે.

**5.7** **ફાળવણી માળખું.** MFA પુરસ્કારો લાયક ભૂતકાળના બાકી અથવા બાકી બેલેન્સ, ડેબ્ટ કલેક્શન એજન્સી પાસે રાખેલા બેલેન્સ અને બાકી શુલ્ક પર લાગુ થાય છે. MFA ફાળવણીઓમાં KP પ્રદાતા દ્વારા નિર્ધારણ કર્યા અનુસારની કોઇપણ આવશ્યક ફોલો અપ સેવાઓ માટે લાયકાતનાં સમયગાળાનો પણ સમાવેશ થઇ શકે છે.

**5.7.1** **ફાળવણીનો આધાર.** MFA પ્રોગ્રામ દ્વારા ચૂકવવામાં આવતી દર્દીની કિંમત દર્દીની આરોગ્ય સંભાળ કવરેજ છે કે કેમ અને દર્દીની ઘરની આવકના આધારે નક્કી કરવામાં આવે છે.

**5.7.1.1** **સ્વાસ્થ્ય સંભાળ કવરેજ (વીમારહિત) વિના MFA-લાયક દર્દી.** એક લાયક વીમારહિત દર્દી તમામ લાયક સેવાઓનાં દર્દી ખર્ચા પર છૂટ મેળવે છે.

**5.7.1.2** **આરોગ્ય સંભાળ કવરેજ (વીમાસહિત) સાથે MFA-લાયક દર્દી.** તમામ લાયક વીમિત દર્દી તમામ લાયક સેવાઓ (1) જેના માટે દર્દી અંગત રીતે જવાબદાર હોય અને (2) તેમના વીમા કેરીયર દ્વારા ચુકવણી થઇ ન હોય તેવી તમામ લાયક સેવાઓ માટેનાં દર્દી ખર્ચ પર છૂટ મેળવે છે. દર્દીએ દસ્તાવેજીકરણ પૂરું પાડવાનું રહેશે, જેમ કે એક્સ્પ્લેનેશન ઓફ બેનિફિટ્સ (Explanation of Benefits, (EOB)), જેથી વીમા દ્વારા સમાવિષ્ટ ન હોય તે બીલના ભાગો નક્કી કરી શકાય. પાત્ર વીમાધારક દર્દીએ કોઈપણ નામંજૂર દાવાઓ માટે તેમના વીમા કેરિયર પાસે

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

અપીલ દાખલ કરવી જરૂરી છે. પાત્ર વીમાધારક દર્દીઓએ તેમના વીમા કેરીયર દ્વારા અપીલ નકારવાના દસ્તાવેજો પ્રદાન કરવા જરૂરી છે.

**5.7.1.2.1** **ઇન્સ્યોરન્સ કેરીયર પાસેથી પ્રાપ્ત ચુકવણીઓ.** દર્દીનાં ઇન્સ્યુરન્સ કેરીયર પાસેથી KFHP/H દ્વારા પૂરી પાડવામાં આવેલ સેવાઓ માટે કોઇ ચુકવણી માટે લાયક દર્દીએ KFHP/H ને સહી કરી આપવાની રહેશે.

**5.7.1.3** **છૂટનું શેડ્યુલ.** તબીબી આર્થિક સહાયતા માટે લાયક થતા દર્દી પાસેથી KP દ્વારા ચાર્જ કરવામાં આવતી રકમો પ્રોગ્રામ માટે દર્દી લાયક થાય તે માટે ઉપયોગમાં લેવાતા લાયકાતનાં માપદંડનાં પ્રકાર પર આધાર રાખે છે. પૉલિસી હેઠળ ઉપલબ્ધ ડિસ્કાઉન્ટ વિશે વધારાની માહિતીનો સારાંશ સંબંધિત અડેન્ડમમાં આપવામાં આવ્યો છે. જુઓ *કૈસર પરમેનેન્ટ પ્રદેશો માટેની પુરવણી, જોડાણો 1-8.*

**5.7.1.3.1** **સંભવિત લાયકાત નિર્ધારણ - પૂર્વલાયકાત.** MFA પાત્રતા માટે પૂર્વ-લાયકાત ધરાવતા દર્દીને (વિભાગ 5.4.1 માં સારાંશ મુજબ) દર્દીના ખર્ચ પર 100% MFA ડિસ્કાઉન્ટ અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટેના શુલ્ક પ્રાપ્ત થશે જેના માટે દર્દી જવાબદાર છે.

**5.7.1.3.2** **KP દ્વારા સંભવિત લાયકાત નિર્ધારણ - બાકી સ્વ-પે બેલેન્સ.** એક દર્દી જે અર્થ-પરીક્ષણ માપદંડોને પૂર્ણ કરે છે તે દર્દીના ખર્ચ પર સ્લાઇડિંગ સ્કેલ MFA ડિસ્કાઉન્ટ મેળવશે અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓ કે જેના માટે દર્દી જવાબદાર છે તેના માટેના શુલ્કના હિસ્સા પર મળશે.

**5.7.1.3.3** **કેપી દ્વારા સંભવિત લાયકાત નિર્ધારણ - નાણાકીય હાડમારીના સંકેતો.** એક દર્દી જે નાણાંકીય મુશ્કેલીના માપદંડોને પૂર્ણ કરે છે તેને દર્દીનાં ખર્ચ અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટેના શુલ્ક પર 100% ડિસ્કાઉન્ટ મળે છે જેના માટે દર્દી જવાબદાર છે.

માલિકીની માહિતી. Kaiser Permanente. બધા હકો સુરક્ષિત છે.
લેખિતમાં સ્પષ્ટપણે અધિકૃત ન હોય તેવા કોઈપણ હેતુ માટે પ્રકાશન, ડુપ્લિકેશન, જાહેરાત અથવા ઉપયોગ પ્રતિબંધિત છે.
**મુદ્રિત નકલો માત્ર સંદર્ભ માટે છે. નવીનતમ મંજૂર સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલ જુઓ.**

**5.7.1.3.4** **ડેબ્ટ કલેક્શન એજન્સી દ્વારા સંભવિત લાયકાત નિર્ધારણ.** એક દર્દી જે નાણાંકીય મુશ્કેલી માટે વિક્રેતાના માપદંડોને પૂર્ણ કરે છે તેને દર્દીની કિંમત પર 100% MFA ડિસ્કાઉન્ટ અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટેના શુલ્કના ભાગ પર મળશે જેના માટે દર્દી જવાબદાર છે.

**5.7.1.3.5** **દર્દી અર્થ-પરીક્ષણ માપદંડને પૂર્ણ કરે છે.** જે દર્દી અર્થ-પરીક્ષણ માપદંડોને પૂર્ણ કરે છે તેને દર્દીની કિંમત અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટેના શુલ્કના ભાગ પર સ્લાઇડિંગ સ્કેલ MFA ડિસ્કાઉન્ટ પ્રાપ્ત થશે જેના માટે દર્દી જવાબદાર છે.

**5.7.1.3.6** **ઉંચા તબીબી ખર્ચનો માપદંડ પૂર્ણ કરે છે.** જે દર્દી ઉચ્ચ-તબીબી ખર્ચના માપદંડોને પૂર્ણ કરે છે તેને દર્દીના ખર્ચ પર 100% MFA ડિસ્કાઉન્ટ અથવા પૂરી પાડવામાં આવતી સેવાઓ માટેના શુલ્ક પ્રાપ્ત થશે જેના માટે દર્દી જવાબદાર છે.

**5.7.1.4** **પતાવટમાંથી વળતરો.** ત્રાહિત પક્ષની જવાબદારી / વ્યક્તિગત વીમા સુરક્ષા પતાવટો, ચુકવણીકર્તાઓ, અથવા અન્ય કાનૂની જવાબદાર પક્ષો પાસેથી KFHP/H લાગું પડે તે અનુસાર વળતર માંગે છે.

**5.7.2** **પુરસ્કાર પાત્રતાની મુદત.** અનુસરણ સેવાઓ માટે લાયકાતનો સમયગાળો મંજૂરીની તારીખ અથવા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી તે તારીખથી અથવા દવા આપવામાં આવી હતી તે તારીખથી શરૂ થાય છે. લાયકાતની અવધીનો સમયગાળો માત્ર મર્યાદિત સમયનો છે અને KP ની વિવેકબુદ્ધિ પર આ સહિતનાં વિવિધ માર્ગો દ્વારા નક્કી કરવામાં આવે છે:

**5.7.2.1** **ચોક્કસ સમયગાળો.** લાયક અનુવર્તી સેવાઓ માટે મહત્તમ 365 દિવસ અને ખરાબ દેવું રેફરલ પહેલાં ઓળખાયેલ બાકી દર્દી ખર્ચ બેલેન્સ.

**5.7.2.2** **કુશળ નર્સિંગ, કસ્ટોડિયલ સેવાઓ અને મધ્યવર્તી સંભાળ.** KP ની બહાર પૂરી પાડવામાં આવતી સેવાઓ માટે મહત્તમ 30 દિવસ.

